| વિકલાંગ વ્યકિતશ્રીઓ માટે ડ્રાઇવીંગ લાયસન્સ ઇસ્યુ કરવામાં સરળીકરણ. |
|---|

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
બ્લોક નં.-૬, ૨/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

પરિપત્ર ક્રમાંકઃ- એમવીએ/લાયસન્સ/ વિકલાંગ/ઓન/ ૨૨૭૪
તારીખઃ-

## પરિપત્ર

**આમુખઃ-**

મોટર વાહન ચલાવવા માટે જરૂરી સક્ષમતા ધરાવતા હોય તેવા વિકલાંગ વ્યકિતશ્રીઓ પણ મોટર વાહન ચલાવવા અંગે ડ્રાઇવીંગ લાયસન્સ મેળવી શકે છે. આવા વિકલાંગ વ્યકિતઓને ડ્રાઇવીંગ લાયસન્સ મેળવવાની કાર્યવાહીમાં સરળતા થાય તે માટે રાજયની વાહનવ્યવહાર કચેરીઓમાં નવી પધ્ધતિ શરૂ કરવા આ સૂચના આપવામાં આવે છે.

**સૂચનાઓઃ-**

૧. ખાસ સમય.

વિકલાંગ વ્યકિતઓ દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધીમાં એઆરટીઓ/આરટીઓમાં વગર એપોઇન્ટમેન્ટ ડ્રાઇવીંગ લાયસન્સ મેળવવા માટે સંપર્ક કરી શકશે.

૨. અરજી અને દસ્તાવેજો.

(એ) ડ્રાઇવીંગ લાયસન્સ મેળવવા માટે નિયત નમૂના ફોર્મ-૨ અને ૪માં સંયુકત અરજી કરવાની રહેશે.

(બી) અરજી સાથે નીચે પ્રમાણેના દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

(૧) જન્મનું પ્રમાણપત્ર અથવા સ્કુલ છોડયાનું પ્રમાણપત્ર

(૨) રહેઠાણના પુરાવા. દા.ત. લાઇટબીલ અથવા ટેલીફોન બીલ અથવા વોટર આઇ.ડી. કાર્ડ અથવા એલ.આઇ.સી.ની વીમા પોલીસી અથવા પાસપોર્ટ.

(સી) સીવીલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર.

(ડી) અરજદારના ત્રણ પાસપોર્ટ સાઇઝના તાજા ફોટોગ્રાફ.

૩. દસ્તાવેજોની ચકાસણી.

અરજદારની અરજી રજુ થતાં તેના દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે.

૪. શારીરીકક્ષમતા ચકાસવા માટેની પેનલ.

બે મોટર વાહન નિરીક્ષક/ એક મોટર વાહન ઇન્સપેકટર અને એક સહાયક મોટર વાહન નિરીક્ષકની પેનલ. આ અરજદારની શારીરીક ક્ષમતાની ચકાસણી કરશે. આ પેનલ સાથે પેનલને મદદ કરવા શકય હોય ત્યાં સુધી વિકલાંગ માટે સેવાકીય પ્રવૃતિ કરતી સ્વૈરછિક સંસ્થાના કાર્યકર તથા ઓછામાં ઓછી MBBS ની ડીગ્રી ધરાવતા ડોકટર રહેશે.

આ પેનલ અરજદારની વાહન ચલાવવા માટેની ક્ષમતા ધરાવે છે કે કેમ તેની ચકાસણી કરશે. આ ચકાસણીમાં જરૂરી ફેરફાર સાથેનું વાહન ચલાવવાની સક્ષમતા છે કે કેમ? તેની ચકાસણી કરાશે. તેમજ આવા વ્યકિતને કેવા ફેરફારવાળુ વાહન અનુકૂળ રહેશે તેનું પણ સૂચન કરવામાં આવશે. પેનલની ચકાસણીમાં જો અરજદાર યોગ્યન જણાયતો પેનલ તેના કારણો નોંધશે. આ કારણોની કચેરી ધ્વારા અરજદારને જાણ કરવાનીરહેશે.

૫. પ્રાથમિક કસોટી.

શીખાઉ લાયસન્સ માટેની પ્રાથમિક કસોટી માટે અરજદારને માર્ગદર્શન આપવાનું રહેશે અને તેમને અનુકૂળ આવે તે રીતે કોમ્પ્યુટરની વ્યવસ્થા ગોઠવી આપવાની રહેશે.

૬. ડ્રાઇવીંગ કૌશલ્યની ચકાસણીની કસોટી.

શીખાઉ લાયસન્સ મળ્યા બાદના એક માસ બાદ અને શીખાઉ લાયસન્સ ઇસ્યુ થયા તારીખ થી છ માસ સુધીમાં અરજદારે પોતાને અનુકૂળ આવે તેવા વાહન પર ડ્રાઇવીંગ કૌશલ્યની ટેસ્ટ આપવાની રહેશે. આ ટેસ્ટ પણ દર માસના પહેલા અને ત્રીજા શનીવારે ૧૨-૦૦ થી ૨-૦૦ વાગ્યાની વચ્ચે લેવામાં આવશે.

૭. ડ્રાઇવીંગ લાયસન્સ .

અરજદાર ટેસ્ટમાં ઉર્તીણ થતા તેઓને સ્માર્ટકાર્ડ સ્વરૂપે ડ્રાઇવીંગ લાયસન્સ સ્પીડ પોસ્ટ ધ્વારા મોકલવામાં આવશે.

૮. અમલ.

આ સૂચનાઓનો રાજયમાં તબકકાવાર અમલ કરવાનો રહેશે. સૌપ્રથમ આ સૂચનાઓનો અમલ અમદાવાદ આરટીઓ કચેરીથી કરવામાં આવશે. અમદાવાદમાં તા. ૧.૫.૨૦૧૪ થી આ સૂચનાઓ અમલી થશે.

સહી/-
વાહનવ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજય, ગાંધીનગર.

રવાના કરવા અધિકૃત

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના:-

૧. માન. અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૨મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨. માન. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી , બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૨મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

૩. વિકલાંગ કમિશ્નરશ્રીને જાણ તથા અમલ સારૂ.

૪. નાયબ સચિવશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા અમલ સારૂ.

૫. તમામ પ્રાદેશિક / સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી જાણ સારૂ તથા અમલ સારૂ.